પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૩૬ | ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૭, શુક્રવાર ; મહા વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# તમિળનાડુના મુખ્યમંત્રીપદે પલનિસામીની તાજપોશી

## તમિળનાડુમાં સત્તા સંઘર્ષની લડાઈ હાલ પુરતી રોકાઈ :પલનિસામીની સાથે ૩૦ મંત્રીઓએ પણ શપથ લીધા : ૧૫ દિવસમાં બહુમતિ પુરવાર કરવા માટેનો આદેશ કરવામાં આવ્યો



ચેન્નાઈ,તા. ૧૬

તમિળનાડુમાં છેલ્લા ઘણા દિવસથી ચાલી રહેલી રાજકીય અંધાધૂંધી બાદ આખરે મુખ્યમંત્રી અંગે નિર્ણય લેવાઈ ચુક્યો છે. તમિળનાડુને આખરે નવા મુખ્યમંત્રી મળી ગયા છે. આજે શશીકલાના નજીકના ઈ પલનિસામીએ મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા હતા. રાજ્યપાલ વિદ્યાસાગર રાવે તેમને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. મુખ્યમંત્રી સહિત ૩૧ પ્રધાનોને શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ અગાઉ પલનિસામીએ પોતાના સમર્થનમાં ૧૨૪ ધારાસભ્યોના પત્ર રાજ્યપાલ સોંપ્યા હતા. નવા મુખ્યમંત્રી અને ૩૦ મંત્રીઓએ શપથ લીધા હતા. ૧૫ દિવસની અંદર બહુમતિ પુરવાર કરવા માટે પલનિસામીને કહેવામાં આવ્યું છે.

પાટનગર ચેન્નાઈ સ્થિત રાજભવનમાં આયોજિત કાર્યક્રમમાં હોદ્દા અને ગુપ્તતાના શપથ તમામને લેવડાવવામાં આવ્યા હતા. આની સાથે જ મહિનાઓથી અન્નાદ્રમુકમાં ચાલી રહેલા સત્તા સંઘર્ષનો કામચલાઉરીતે અંત આવી ગયો છે. તમિળનાડુ કેબિનેટ અને મુખ્યમંત્રી માટે પસંદ કરવામાં આવેલા નેતાને

● અનુસંધાન પાન-૭ પર

# ત્રિપલ તલાકના મામલે પાંચ જજની બેચ સુનાવણી કરશે

## ત્રિપલ તલાકનો મામલો ખુબ જ ગંભીર છે : ત્રિપલ તલાકના મામલાને કોઇ કિંમતે ટાળી શકાય નહીં ૩૦મી માર્ચ સુધી લેખિતમાં પોતાની રજૂઆત કરવા હુકમ

નવી દિલ્હી,તા. ૧૬

સુપ્રીમ કોર્ટે આજે કહ્યું હતું કે, ત્રિપલ તલાકના મુદ્દા ઉપર દાખલ કરવામાં આવેલી અરજીઓ ઉપર સુનાવણી પાંચ જજની બંધારણીય બેંચ દ્વારા મે મહિનામાં કરવામાં આવશે. કોર્ટે કહ્યું છે કે, કોર્ટ ત્રિપલ તલાકના તમામ પાસાઓ ઉપર વિચારણા કરશે. કોર્ટે ભારપૂર્વક કહ્યું હતું કે, આ મામલો ખુબ જ ગંભીર છે અને તેને ટાળી શકાય તેમ નથી. સુનાવણી દરમિયાન ત્રિપલ તલાકને લઈને કેન્દ્ર સરકારે કોર્ટની સામે કેટલાક પ્રશ્નો રજૂ કર્યા હતા. કેન્દ્ર સરકાર ઉપરાંત કેટલાક અન્યો પક્ષોએ પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા જેના ઉપર કોર્ટે તમામ સંબંધિત પક્ષો પાસેથી પોતાની બાબત રજૂ કરવા કહ્યું છે. ૩૦મી માર્ચ સુધી લેખિતમાં પોતાના અભિપ્રાય આપવા માટે તમામને કહેવામાં આવ્યું છે. એટર્ની જનરલ સમક્ષત લેખિતમાં રજૂઆત કરવા માટે કહેવામાં આવ્યું છે. ગુરુવારના દિવસે સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ જગદીશસિંહ ખેહરે કહ્યું હતું કે, આ મામલામાં માત્ર કાયદાકીય પાસાઓ ઉપર જ વિચારણા થશે. તમામ પક્ષોના એક એક શબ્દ ઉપર વિચારણા કરવામાં આવશે. કોર્ટ કાયદાથી અલગ કરી શકાય નહીં. ૧૧મી મેથી ગરમીની રજાઓના મામલામાં સુનાવણી કરવામાં આવશે. આ અગાઉ કોર્ટે ૩૦મી માર્ચના દિવસે ત્રિપલ તલાક, હલાલા, બહુલગ્નપ્રથાના મામલા પર વિચારણા કરવામાં આવશે. આજે કેન્દ્ર સરકાર તરફથી ચાર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા જેમાં એક પ્રશ્ન ધાર્મિક સ્વતંત્રતાના આધાર પર ત્રિપલ તલાક, હલાલા અને બહુલગ્નને મંજુરી બંધારણ હેઠળ આપી શકાય છે કે કેમ તે પ્રશ્ન પણ સામેલ છે. કેન્દ્ર

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તરપ્રદેશનો હું દત્તક પુત્ર છું : મોદી

## ઉત્તરપ્રદેશનો વિકાસ દત્તક લીધેલો પુત્ર જ કરશે : સપા, બસપા અને કોંગ્રેસના સફાયા વગર ઉત્તરપ્રદેશનો વિકાસ થઇ શકશે નહીં

હરદોઈ,તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હરદોઈમાં આક્રમક ચૂંટણી પ્રચાર કરતા આજે કહ્યું હતું કે, તેઓ ભલે ગુજરાતમાં જન્મ્યા છે પરંતુ ઉત્તરપ્રદેશે તેમને દત્તક લીધા છે. હવે આ દત્તક લીધેલા પુત્ર દ્વારા જ ઉત્તરપ્રદેશનો વિકાસ કરવામાં આવશે. મોદીએ સપા, બસપા અને કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું હતું કે, આ તમામ પક્ષોએ ઉત્તરપ્રદેશનો વિકાસ કઈ રીતે થાય તે અંગે ક્યારેય વિચારણા કરી ન હતી. પાક વિમા યોજના, યુરિયાની સરળ ઉપલબ્ધતા, શૌચાલય યોજના, એલઈડી બલ્બ યોજના જેવી સ્કીમોનો ઉલ્લેખ કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવી હોવાનો દાવો તેમણે કર્યો હતો. વડાપ્રધાને કહ્યું હતું કે, પ્રથમ બે તબક્કામાં ભાજપને

● અનુસંધાન પાન-૭ પર





જંગ જામ્યો - ઉત્તર પ્રદેશની ચૂંટણી રસપ્રદ તબક્કામાં પ્રવેશી છે... ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અને સપાના રાષ્ટ્રીય પ્રમુખ અખિલેશ યાદવે લખનૌમાં પોતાના પરિવારના નાનાભાઈની પત્ની માટે જાહેરસભા યોજી ભાજપ અને બસપા સામે આકરા પ્રહારો કર્યા હતા...

# ઉત્તરપ્રદેશમાં ૧.૧ કરોડથી વધુ બેરોજગાર છતાં કોઈ પક્ષોનું ધ્યાન નથી

## ટકામાં જોઇએ તો ૭.૪ ટકાનો બેરોજગારીનો દર : ઉત્તરપ્રદેશમાં બે તબક્કામાં ચૂંટણી યોજાઈ ચુકી છે પરંતુ હજુ સુધીમાં સૌથી મહત્વપૂર્ણ મુદ્દા પર કોઇપણ પાર્ટીનું ધ્યાન ગયું નથી

લખનૌ,તા. ૧૬

દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીના તબક્કા ચાલી રહ્યા છે. બે તબક્કામાં મતદાન પૂર્ણ થઈ ચુક્યું છે પરંતુ હજુ સુધી કોઈપણ રાજકીય પક્ષ દ્વારા ઉત્તરપ્રદેશમાં ભારે મુશ્કેલી ઉભી કરનાર બેરોજગારીનો મુદ્દો ઉઠાવ્યો નથી. ઉત્તરપ્રદેશમાં બેરોજગારીનો આંકડો ઓછો નથી. હજુ પણ ઉત્તરપ્રદેશમાં બેરોજગારીનો આંકડો રેકોર્ડ ગતિથી વધી રહ્યો છે. હાલમાં બેરોજગારીનો આંક ટકામાં જોવામાં આવે તો ૭.૪ ટકાની આસપાસ છે. જ્યારે સંખ્યામાં જોવામાં આવે તો આંકડો ૧.૧૨ કરોડની આસપાસનો છે. ઉત્તરપ્રદેશમાં જુદી જુદી માસિક કમાણી કરનાર લોકોની ટકાવારી પણ ખુબ સારી નથી. આંકડા ઉપર નજર કરવામાં આવે તો ૨૦૦૦૦થી ઉપરની માસિક કમાણી કરનાર લોકોની સંખ્યા આઠ ટકા છે જ્યારે ૧૦ હજારથી ૨૦ હજાર રૂપિયા સુધીની કમાણી કરનાર લોકોની સંખ્યા ૧૪ ટકા છે. ૭૫૦૧થી ૧૦૦૦૦ સુધીની કમાણી કરનાર લોકોની ટકાવારી ૧૯ ટકા છે. ઉત્તરપ્રદેશ કરતા વધારે બેરોજગારીનો આંકડો ટકામાં ધરાવનારમાં માત્ર બે રાજ્યો જ રહ્યા છે જેમાં કેરળ અને ઝારખંડનો સમાવેશ થાય છે. આ બંને રાજ્યોમાં બેરોજગારીની ટકાવારી ક્રમશઃ ૧૨.૫ અને ૭.૭ ટકા છે. ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીના બે રાઉન્ડ યોજવામાં આવી ચુક્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્યપ્રધાન અખિલેશ યાદવ અને બહુજન સમાજ પાર્ટીના નેતા માયાવતી ચૂંટણી જીતવા માટે એકબીજાને પછડાટ આપવા માટેની દરેક નિતી અપનાવી રહ્યા છે પરંતુ જે મુખ્ય અને સંવેદનશીલ મુદ્દો છે તે બેરોજગારીની કોઈ વાત કરી રહ્યા નથી. પ્રચારમાં બેરોજગારીની વાત તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ હજુ સુધી કરી નથી.

આવી સ્થિતીમાં રાજકીય પાર્ટી વચ્ચે હવે આ મુદ્દે ચર્ચા કરવામાં આવી શકે છે. ઉત્તરપ્રદેશમાં રાજકીય સ્થિતી હાલમાં પ્રવાહી બનેલી છે. કોઈ પણ પાર્ટી કોઈ વાત કરવાની સ્થિતીમાં નથી. ઓલ ઈન્ડિયા રેટ ૨.૫ ટકાનો છે. આ ચિંતાજનક સ્થિતી અંગે હાલમાં રેકોર્ડ સપાટી પર આવ્યા હતા.

# શશીકલા હવે ૪ વર્ષ જેલમાં પસાર કરશે : જેલમાં રહી કેન્ડલ બનાવશે

ચેન્નાઈ,તા. ૧૬

તમિળનાડુના મુખ્યપ્રધાન બનવા માટે સૌથી પ્રબળ દાવેદાર રહી ચુકેલા શશીકલાનો સમય એકાએક બદલાઈ ગયો છે. હવે શશીકલા જીવનના ચાર વર્ષ જેલના એક નાનકડા સેલમાં ગાળનાર છે. જ્યાં તેમની પાસે એક પંખા, ચાદર અને અન્ય જરૂરી ચીજો સિવાય કઈ પણ રહેશે નહી. જેલની આ સેલમાં શશીકલાની સાથે અન્ય બે મહિલા કેદી પણ રહેશે. સમય કઈરીતે અને કેટલી ઝડપથી બદલાઈ જશે તે બાબત કોઈ જાણતુ નથી. શશીકલા માત્ર રાજ્યની સર્વેસર્વા જ બનતા રહી ગયા નથી બલ્કે એક જ ફટકાની સાથે તેમની તમામ સુખ સુવિધા પણ હાથમાંથી નિકળી ગઈ છે. હવે શશીકલાને સિમેન્ટના ફ્લોર પર ઉંઘી જવાની ફરજ પડશે. જો તે વધારાની કોઈ સુવિધા મેળવવા માટે ઈચ્છા રાખશે તો પણ કોર્ટની મંજુરી મેળવી લેવી પડશે. સુત્રોના કહેવા મુજબ શશીકલાને જેલમાં માત્ર ત્રણ સાડી લઈ જવાની મંજુરી આપવામાં આવી છે. સજાના ગાળા દરમિયાન શશીકલાને કેન્ડલ અને અગરબત્તિ બનાવવાનુ કામ આપવામાં આવી રહ્યુ છે. આ કામ કરવાના બદલે શશીકલાને નાણાં પણ મળશે. જે ૫૦ રૂપિયા પ્રતિદિનના હિસાબે રહેશે. આ કામમાં તેને રજા મળશે નહી. શશીકલાએ ક્લાસ-૧ સુવિધા

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### રાજનાથસિંહે કરી રાહુલની નકલ



ઉત્તરપ્રદેશના ચૂંટણી પ્રચાર દરમ્યાન કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે વારંવાર ઝભ્ભાની બાંયો ચઢાવી રાહુલની નકલ કરતાં હાસ્યનું મોજુ પ્રસર્યુ હતુ. શબ્દો અને શૈલીમાં પણ પહેલી પાંચ મિનિટ તેઓએ રાહુલની નકલ કરી હતી.

### મિતાલી રાજ આઈસીસી મહિલા રેન્કિંગમાં બીજા સ્થાને



ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન આઈસીસી મહિલા રેકિંગમં બીજા સ્થાને પહોંચી છે. જ્યારે અન્ય ભારતીય મહિલા એકતા બીસ્ટ બોલરની રેન્કમાં અગિયારમા સ્થાને છે.

### ટાટા મોટર્સના નફામાં ૯૬ ટકાનો ઘટાડો

દેશની જાણીતી વાહન કંપની ટાટા મોટર્સના નફાનુ પ્રમાણ



૨૦૧૬-૧૭ના ત્રીજા ક્વાર્ટરમાં ૯૬ ટકા ઘટ્યું હતુ. ૩૧મી ડિસેમ્બરે કંપનીએ ૧૧૧.૫૭ કરોડનો નફો કર્યો હતો. જ્યારે ગયા વર્ષે આ ક્વાર્ટરનો નફો ૨૯૫૨.૬૭ કરોડ હતો.

### 'સામના' પર પ્રતિબંધ મુકવા મુખ્યમંત્રીની માંગ



શિવસેનાના મુખપત્ર 'સામના' પર ત્રણ દિવસ માટે પ્રતિબંધ મુકવા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે માંગ કરી છે. ઈતિહાસમાં પ્રથમવાર મુખ્યમંત્રીએ કોઈ અખબાર પર પ્રતિબંધ મુકવાની માંગણી કરી છે.

### ઇ-સિગારેટ સુરક્ષિત નથી તેના કારણે પણ ખતરો છે

ઈ-સિગારેટને સામાન્ય



સિગારેટ કરતા ઓછી ખતરનાક તરીકે રજૂ કરવામાં આવી રહી છે. જો કે હવે જાણવા મળ્યુ છે કે આ પ્રકારની સિગારેટ પણ સુરક્ષિત નથી. તેના કારણે પણ હાર્ટ સાથે સંબંધિત રોગ અને ફેફસાના રોગ થઈ શકે છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા ઈ-સિગારેટ પર હવે પ્રતિબંધ મુકી દેવાની માંગ કરવામાં આવી છે.













